આપની આજ

- ભાવેશ એન પટ્ટણી

આજનું પંચાંગ

ઉદિત તિથિ	:	શુક્લ પક્ષ તૃતીયા બપોરે ૨:૦૭ સુધી, ત્યાર પછી ચતુર્થી
વાર	:	સોમ
નક્ષત્ર	:	અનુરાધા તા. ૨૦ ઓક્ટોબરની વહેલી સવારે ૩:૫૩ સુધી, ત્યાર બાદ જ્યેષ્ઠા
કરણ	:	ગર બપોરે ૨:૦૭ સુધી, ત્યાર બાદ વાણિજ ૨૦ ઓક્ટોબર ૦૦:૩૮ સુધી, ત્યાર બાદ વિષ્ટિ
યોગ	:	આયુષ્યમાન બપોરે ૧:૧૯ સુધી, ત્યાર બાદ સૌભાગ્ય
આજની રાશિ	:	વૃશ્ચિક
રાશિના અક્ષરો	:	ન. ય.

આજનું રાશિ ફળ (જન્મની ચંદ્ર રાશિ મુજબ)

મેષ : આજનો દિવસ લોકસંપર્ક માટે ઉત્તમ છે. બીજા લોકો સાથે સમય પસાર કરવો કે વાત કરવી ગમે. તેમાં વધુ સમય આપશો તે લાભમાં રહેશે. આજે આરામ કરવાનો સમય બહુ ન મળે કેમ કે કોઈને કોઈ પ્રવૃત્તિ પાછળ સમય વ્યતિત થાય. જીવનસાથી શોધવા માટે ઉત્તમ દિવસ.

મેષ : આપની રાશિથી આઠમે ચંદ્રનું ભ્રમણ, તબિયત માટે થોડું એલાર્મિંગ છે. ખાન-પાનમાં ધ્યાન રાખજો. જ્યાં અપેક્ષા હોય ત્યાં માન ન મળવાથી વ્યથિત થવાય અને ગુસ્સો આવે તેવું બને. યાદ રાખવું કે 'ગુસ્સો કરનાર વ્યક્તિ પોતાની જાતને જ સજા આપતો હોય છેલ્લ. આજે મુસાફરી ટાળવી જોઈએ.

વૃષભ : આજના દિવસ દરમ્યાન કોઈની સાથે નાહક શિંગડા ભરાવવા નહીં એટલે કે બાખડવું નહીં. આપ અત્યંત વ્યવહારુ છો પરંતુ કોઈક વાર આપને ખ્યાલ નથી આવતો કે આપની વાણીથી અન્ય લોકોને નીચું જોવાનું થાય છે. લોકો સાથેના વ્યવહારમાં આપને છાજે તેવું વર્તન કરો. આપની કિંમત, આપ અન્ય લોકોને કેવી રીતે 'ટ્રીટલ્ક કરો છો, અન્ય લોકો પ્રત્યે કેવું વલણ રાખો છો, તે ઉપરથી થતી હોય છે.

મિથુન : 'કરી કરીને નો કરી ઈ નોકરીલ્ક – એવું સૌરાષ્ટ્રમાં બોલાતું સાંભળ્યું છે. આજે નોકરીનો કંટાળો આવે તો પણ સ્વીકારી લેવું કે આ વાસ્તવિકતા છે. જો બિઝનેસ કરતાં હોવ તો હાથ નીચેના માણસોથી તકલીફ થવાની પૂરી સંભાવના. એમને સમજાવવા આપે પોતાનું સ્તર નીચું પાડવાની જરૂર નથી. એમને સમજો, પણ આપ પોતાનો દરજ્જો જાળવી રાખો, એમાં જ આપની ભલાઈ છે.

કર્ક : પ્રેમ પ્રસંગો બને અથવા પ્રિય પાત્રથી અપેક્ષા રહે અને તે પૂરી પણ થાય. આજે પ્રેમમાં આપની તીવ્રતા વધુ હોય અને એ તીવ્રતા આપના પ્રિયજન ન બતાવી શકે તો દુઃખ થાય કે ગુસ્સો આવે. આ બંને લાગણીઓ આપના માટે નુકસાનદેય હોવાથી, સરળ રહો અને તરલ રહો. વ્યથિત ન થાઓ, કેમ કે કોઈ પણ લાગણી કાયમી નથી. બધું જ ક્ષણભંગુર છે. કામમાં પરફોર્મન્સ ઉપર અસર પડશે.

સિંહ : આજે ધાર્યું કરવાની ટેવ વધારે પડે કેમ કે અન્ય લોકો, ખાસ કરીને પરિવારના લોકો આપની વાત માને. ક્યારેક તેમના દૃષ્ટિકોણથી વિચારજો કેમ કે એ અગત્યનું નથી કે આપ કેટલાં ખુશ છો. મહત્વનું એ છે કે આપ કેટલાં લોકોને કેટલાં ખુશ રાખી શકો છો. નોકરીમાં ઉપરી અધિકારીઓ સાથે વ્યવહારમાં સાચવવું. બિઝનેસમાં લાભ થશે પણ ધીરજ રાખશો તો જ.

કન્યા : આજનો દિવસ રૂટિન કામો કરવાનો દિવસ છે. કોઈ વસ્તુ બાબતે કે વ્યક્તિ બાબતે આર.એન્ડ ડી. કરવું હોય એટલે કે સંશોધન કરવું હોય તો ઉત્તમ દિવસ. આપ જે તે વિષયમાં ઊંડા ઉતરી શકશો પણ યાદ રહે, ઊંડા ઉતારવામાં અને ચંચુપાતમાં ફરક છે. 'માઈન્ડ યોર ઓન બિઝનેસલ્ક – પોતાના કામમાં ધ્યાન આપો, અન્ય લોકો શું કરે છે તેમાં દખલઅંદાઝી ન કરો. જો આપનું કામ અન્ય લોકોનું કામ જોવાનું હોય તો તેમને માર્ગદર્શન આપો, તેમની આલોચના ટાળો.

તુલા : ધન ઉપાર્જન વધારવા માટે માનસિક અને શારીરિક શક્તિઓ ખર્ચાય. અગત્યની મિટિંગ થાય. જો આપ લોન લેવા ઈચ્છતાં હોવ તો ગજાં બહારની રકમની લોન ન લેવી. પછેડી જેટલી જ સોડ તાણો એમાં જ આપની ભલાઈ છે. આવક અને જાવકના પાસાં બેલેન્સ કરવાં ખર્ચો પણ તો ઘટાડી જ શકાય છે ને? એ ટ્રેક પર થોડું ગૌર ફરમાવો અને પછી જુઓ મજા.

વૃશ્ચિક : નકારાત્મક વિચારો અને ચિંતાઓ ચિતા સમાન હોય છે. જગત ચાલવાનું જ છે. આપના પ્રયત્નોથી બહુ ફેર નથી પડવાનો પણ પ્રયાસો એવાં હોવાં જોઈએ કે કર્તવ્યપાલન કરી અને આપ ભૂલી જાઓ. જો આપ ભૂલવાનું નથી શીખતાં, તો ભૂતકાળ વિષે વિચારી વિચારીને ડિપ્રેશન આવી જશે. રિલેક્સ. આજે અંતરમનને પૂછો – કે કેટલી સમસ્યાઓ મારી પોત્તાની છે અને કેટલી પારકી પળોજણો છે? વિચારોને ફિલ્ટર લગાડો મિત્ર.

ધન : આપ જ્ઞાની છો પરંતુ આજે જ્ઞાનની વહેંચણી ન કરો કેમ કે અન્ય લોકો એમ માને છે કે એમને આપના માર્ગદર્શનની જરૂર નથી. પોતાની દુનિયામાં વ્યસ્ત અને મસ્ત રહો. સામે ચાલીને વ્યવહાર વધારવા કોશિશ ન કરો. એના કરતાં પોતાની જાત સાથે વધુ સમય ગાળો. પોતાની સ્કિલ્સને 'હોનલ્ક કરો એટલે કે કુશળતાની પણ ધાર વધુ ઘસો. આપ આજે ખર્ચ કરી બેસશો એવી મને આશંકા છે. ખિસ્સું આપનું છે, પણ એમાં કાણું ન પડી જાય એ જોજો હોં.

મકર : આજે તનતોડ અને મનતોડ મહેનત કરી શકશો. પેલું કહેવાય છે ને કે 'સિદ્ધિ તેને જઈ વરે, જે પરસેવે નહાય' એ કહેવત આપને લાગુ પડશે. વિલંબથી પણ સારાં પરિણામો મળશે. પૈસા કે પદની લાલચ ન રાખો પણ લક્ષ્ય એ જ રાખો કે સારાં પૈસા અને સારું પદ જોઈએ છે.

કુંભ : આજે વિશેષ આનંદ એ વાતનો રહેશે કે કામ કરવાનો મૂડ છે પણ કાર્યસ્થળ ઉપર કોઈક ને કોઈક વ્યક્તિ બાબતે ગુસ્સો રહ્યાં કરશે. એ આપની શક્તિઓનો સદંતર વ્યય પણ છે અને એનર્જીનું ડાયવર્ઝન પણ છે. 'સ્ટે ફોકસ્ડ' દોસ્તો, આજે ટાર્ગેટસ પૂરા કરવાના છે અથવા નવા ટાર્ગેટસ બનાવવાના છે. કોને ટાર્ગેટ નથી કરવાના, સમજ્યાને મારી વાત? હા, તો ઠીક!

મીન : આજે આપ લાગણીનું ઊંડાણ અનુભવશો. એ લાગણી પોઝીટીવ નહિ, નેગેટીવ હશે. એને દૂર કરો. એને ગોળી મારી દો ! અર્થાત, આજે નકારત્મક વિચારોથી અને ઊર્જાઓથી દૂર રહો. આજના દિવસે જે કશું બને છે તેને એનાલાઈઝ ન કરો. પસાર થવા દો. સહુ પોતાની ફિતરત પ્રમાણે વર્ત્તન કરતાં હોય છે. એમાં આપે પોતાની પ્રકૃતિ બદલવાની જરૂર નથી હોં!

મોબાઈલ ૯૮૨૫૪૭૩૬૬૫
Email:- info@BhaveshNPattni.com
Website:- www.BhaveshNPattni.com

દેશમાં ફેબ્રુઆરી સુધીમાં મહામારી ખતમ થશે

સરકારી પેનલે દાવો કર્યો : કોરોનાના ૧૦.૬ મિલિયન એટલે કે ૧ કરોડ ૬ લાખથી વધુ કેસ થશે નહીં, હાલ કોરોનાના ૭૫ લાખથી વધુ કેસ

નવી દિલ્હી,તા.૧૮

ભારતમાં કોરોના વાયરસ મહામારી પોતાના ઉચ્ચ સ્તરમાંથી પસાર થઈ ચુકી છે. સરકાર તરફથી બનાવવામાં આવેલી વૈજ્ઞાનિકોની એક સમિતિનું આ માનવુ છે. પેનલ પ્રમાણે, કોરોના મહામારી ફેબ્રુઆરી ૨૦૨૧મા સમાપ્ત થવાની સંભાવના છે. તેમના અનુસાર, ભારતમાં કોરોનાના ૧૦.૬ મિલિયન એટલે કે ૧ કરોડ ૬ લાખથી વધુ કેસ થશે નહીં. હાલ ભારતમાં કોરોનાના કુલ ૭૫ લાખથી વધુ કેસ છે. એક અખબારને કમિટીએ કહ્યુ કે, વાયરસથી બચાવને લઈને કરવામાં આવી રહેલા ઉપાયને યથાવત રાખવા જોઈએ. સમિતિએ મહામારીના સ્ટેન્ડને મેચ કરવા માટે કમ્પ્યૂટર મોડલનો ઉપયોગ કર્યો છે. સરકારના મુખ્ય વૈજ્ઞાનિક સલાહકાર કે વિજયરાઘવને આ સમિતિની રચના કરી હતી. આઈઆઈટી હૈદરાબાદના પ્રોફેસર એમ વિદ્યાસાગર તેમના પ્રમુખ છે. સમિતિ પ્રમાણે જો ભારતે માર્ચમાં લૉકડાઉન ન લગાવ્યું હોત તો દેશભરમાં ૨૫ લાખથી વધુના મોત થયા હોત. અત્યાર સુધી આ મહામારીને કારણે ૧.૧૪ લાખ દર્દીઓના મોત થયા છે.

નીતિ આયોગના સભ્ય અને કોવિડ એક્સપર્ટ પેનલના ચીફ ડો વીકે પોલે કહ્યુ પાછલા ત્રણ સપ્તાહમાં નવા કેસ અને મોતોની સંખ્યા ઘટી છે અમે શિયાળાના હવામાનમાં ભારતમાં કોરોના સંક્રમણની બીજી લહેરની સંભાવનાનો ઈનકાર ન કરી શકીએ. દેશમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાના ૬૧,૮૭૧ નવા કેસ સામે આવ્યા છે. કુલ કેસની સંખ્યા ૭૪,૯૪,૫૫૧ થઈ ગઈ છે. કેન્દ્રીય સ્વાસ્થ્ય તથા કલ્યાણ મંત્રાલય અનુસાર છેલ્લા ૨૪ કલાકમાં કોરોના વાયરસથી ૧૦૩૩ મૃત્યુ થયા છે. ત્યારબાદ કુલ મૃત્યુઆંક ૧,૧૪,૦૩૧ થઈ ગયો છે. દેશભરમાં રિકવરી રેટ વધીને ૮૮.૦૩ ટકા થઈ ગયો છે, જ્યારે મૃત્યુદર ૧.૫૩ ટકા છે. ભારતમાં દરરોજ કોરોના કેસોની સંખ્યા હવે અમેરિકાથી ઓછી થઈ ગઈ છે.

આખરે કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રીએ સ્વીકાર્યું

કોરોના મહામારી : દેશના ઘણા ભાગમાં કોમ્યુનિટી ટ્રાન્સમિશન

કોરોના સંક્રમણ શરૂ થયું તે પછી પહેલી વખત સ્વાસ્થ્ય મંત્રી હર્ષવર્ધને કોમ્યુનિટી સ્પ્રેડની વાત હવે સ્વીકારી છે

નવી દિલ્હી,તા.૧૮

કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રી હર્ષવર્ધને રવિવારે આખરે સ્વીકાર કરી લીધો છે કે, કોરોના સંક્રમણના મામલે ભારત કોમ્યુનિટી ટ્રાન્સમિશનના તબક્કામાં પહોંચી ચૂક્યું છે. જોકે, તેમણે સાથે જ એમ પણ કહ્યું કે ,આ માત્ર કેટલાક જિલ્લા અને રાજ્યો સુધી મર્યાદિત છે. તેમનું આ નિવેદન પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જીના એ નિવેદન પછી સામે આવ્યું છે, જેમાં તેમણે કહ્યું હતું કે, રાજ્યમાં કોવિડ-૧૯નું કોમ્યુનિટી સ્પ્રેડ હવે શરૂ થઈ ગયું છે. વર્ધનનું આ નિવેદન તેમના સાપ્તાહિક વેબીનાર સંડે સંવાદ દરમિયાન કરાયેલા એક પ્રશ્નના જવાબમાં આવ્યું છે. ઉલ્લેખનીય છે ક, આ સાપ્તાહિક વેબીનારમાં કેન્દ્રીય મંત્રી સોશિયલ મીડિયા પર લોકો સાથે વાત કરે છે અને તેમની તરફથી પૂછાયેલા સવાલનો જવાબ આપે છે. આ દરમિયાન કોઈએ તેમને પ્રશ્ન પૂછ્યો, મમતા બેનર્જીએ કહ્યું કે રાજ્યમાં કોમ્યુનિટી સ્પ્રેડનું ઉદાહરણ જોવા મળ્યું છે. શું અન્ય રાજ્યોમાં પણ કોમ્યુનિટી ટ્રાન્સમિશન છે?' તેના જવાબમાં તેમણે કહ્યું કે, 'પશ્ચિમ બંગાળ સહિત વિવિધ રાજ્યોમાં અલગ-અલગ ક્ષેત્રોમાં કોમ્યુનિટી સ્પ્રેડની આશા છે, ખાસ કરીને ગીચ વિસ્તારોમાં થવાની આશા વધુ છે. જોકે, તે આખા દેશમાં નથી થઈ રહ્યું. તે મર્યાદિત રાજ્યોના કેટલાક જિલ્લા સુધી સીમિત છે. ઉલ્લેખનીય છે કે, કોરોના સંક્રમણ શરૂ થયું તે પછી પહેલી વખત સ્વાસ્થ્ય મંત્રીએ કોમ્યુનિટી સ્પ્રેડની વાત સ્વીકારી છે.

પીએમઓની કોરોનાને લઈને મોટી વાત

ભારતમાં કોરોના વાયરસનું સ્વરૂપ બદલાયું નથી : PMO

નવી દિલ્હી,તા.૧૮

કોરોના વાયરસ માટે અસરકારક રસી વિકસાવવાના સતત પ્રયત્નો વચ્ચે ભારત સરકારે શનિવારે કહ્યું હતું કે દેશમાં વાયરસના જિનોમ પરના બે અધ્યયનોમાં સામે આવ્યું છે કે, તે આનુવંશિક રીતે સ્થિર છે અને તેમાં કોઈ મોટા ફેરફારો થયા નથી. તમને જણાવી દઈએ કે વુહાનથી ફેલાયેલા વાયરસથી લઈને અત્યાર સુધી ફેલાયેલા વાયરસમાં ઘણા પરિવર્તન (મ્યૂટેશન) થયા છે. કેટલાક નિષ્ણાતોએ ચિંતા વ્યક્ત કરી છે કે કોરોના વાયરસના સ્વરૂપમાં મોટા ફેરફારો થવાથી તેની અસરકારક રસી બનાવવા મુશ્કેલીઓ પડી શકે છે. જો કે, કેટલાક તાજેતરના વૈશ્વિક અધ્યયનોમાં સામે આવ્યુ છે કે, કોરોના વાયરસના સ્વરૂપમાં તાજેતરમાં થયેલા પરિવર્તનથી કોવિડ-૧૯ માટે વિકસિત થતી વેક્સીન પર કોઈ અસર ન થવી જોઈએ. કોવિડ -૧૯ વૈશ્વિક રોગચાળાની સ્થિતિ અંગે વડાપ્રધાન નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં સમીક્ષા બેઠક બાદ વડા પ્રધાન કાર્યાલય (ઁસ્)એ એક નિવેદનમાં કહ્યું છે કે ભારતમાં ત્રણ રસી વિકાસના અદ્યતન તબક્કામાં છે, જેમાં બે રસી બીજા તબક્કામાં અને એક રસી ત્રીજા તબક્કામાં છે. દેશમાં કોરોના ચેપનો કુલ આંકડો ૭૪ લાખને વટાવી ગયો છે. ભારતમાં કોરોના રીકવરી રેટમાં દરમાં ઝડપથી વધારા સાથે એક્ટિવ કેસોની સંખ્યામાં સતત ઘટાડો થઈ રહ્યો છે. કેન્દ્રીય આરોગ્ય મંત્રાલયના જણાવ્યા અનુસાર દેશમાં અત્યાર સુધી ૬૫ લાખથી વધુ દર્દીઓ કોરોનાથી સ્વસ્થ થઈ ચૂક્યા છે. જેની સાથે કોરોનાનો રીકવરી રેટ ૮૮ ટકા થઈ ગયો છે. ભારતમાં કોરોનાના એક્ટિવ કેસોની સંખ્યા ૮૦ હજારથી ઓછી છે. ભારતમાં છેલ્લા ૨૪ કલાકમાં ૬૧,૮૭૧ કેસ નોંધાયા છે, જ્યારે ૧૦૩૩ લોકોએ જીવ ગુમાવ્યો છે.

ચીને ભારતીય સરહદ નજીક રોકેટ અને મિસાઈલ્સ દાગ્યા

પેઈચિંગ,તા.૧૮

પૂર્વી લદ્દાખમાં વાસ્તવિક નિયંત્રણ લાઈનની પાસે ચાલી રહેલ સરહદ વિવાદ ચીનની સાથે અનેક રાઉન્ડની વાતચીત બાદ ખત્મ થવાનું નામ લઈ રહ્યું નથી. તેની વચ્ચે ચીની આર્મી પીએલએ ભારત પર મનોવૈજ્ઞાનિક દબાણ બનાવીને અંબાડિયું કરવાની કોશિષ કરી રહ્યું છે. ભારતીય સરહદને અડીને આવેલા વિસ્તારમાં જોરદાર યુદ્ધાભ્યાસ કરીને પહાડોને થથરાવી રહ્યું છે. ચીનના સરકારી ભોપુ ગ્લોબલ ટાઈમ્સનો દાવો છે કે લાઈવ ફાયર એક્સરસાઈઝમાં ૯૦ ટકા હથિયારોનો ઉપયોગ કરાયો હતો. પરંતુ ચીનના આ પ્રકારના યુદ્ધાભ્યાસથી કંઈ ભારતને જરાય ડગમગાવી શકે તેમ નથી. ગ્લોબલ ટાઈમ્સે જણાવ્યું હતું કે આ અભ્યાસ પીએલએના તિબેટ થિયેટર કમાન્ડ દ્વારા ૪૭૦૦ મીટરની ઉંચાઈએ હાથ ધરવામાં આવ્યો હતો. ગ્લોબલ ટાઈમ્સે પણ આ અભ્યાસનો એક વીડિયો

જાહેર કર્યો છે. વીડિયોમાં ચીની સેના અંધારામાં હુમલો કરી ડ્રોન વિમાનોની મદદથી હુમલો કરી રહી છે. વીડિયોમાં જોવા મળી રહ્યું છે કે ચીની સૈન્યની રોકેટ ફોર્સ એક સાથે જોરશોરથી હુમલો કરીને આખા પર્વતીય વિસ્તારનો નાશ કરી દે છે. એટલું જ નહીં ચીની સેનાએ ગાઈડ મિસાઈલ એટેકની પ્રેક્ટિસ પણ કરી હતી. અભ્યાસ દરમ્યાન ચીની સેનાની તોપોએ ભારે બોમ્બ ધડાકા કર્યા હતા. પીએલએના સૈનિકોએ ખભા પર રાખીને છોડાતી મિસાઈલોનું પણ પ્રદર્શન કર્યું. ગ્લોબલ ટાઈમ્સે દાવો કર્યો હતો કે પ્રેક્ટિસમાં સામેલ ૯૦ ટકા શસ્ત્રો અને સાધનો નવાનકોર છે. માનવામાં આવે છે કે ચીન અખબારે આ વીડિયો ભારત-ચીન વાતચીત દરમ્યાન દબાણ બનાવવા માટે જાહેર કર્યો છે. આપને જણાવી દઈએ કે ભારત અને ચીન વચ્ચે અનેક તબક્કાની વાતચીત બાદ પણ હજી સુધી લદ્દાખ ગતિરોધ માટે કોઈ સમાધાન નીકળ્યું નથી. ભારતના વિદેશ મંત્રી એસ.જયશંકરે કહ્યું છે કે સરહદ પર મોટી સંખ્યામાં ચીની સૈનિકોની તૈનાત કરવી એ અગાઉ થયેલા કરારની વિરુદ્ધ છે. આવી સ્થિતિમાં જ્યારે બે દેશોના સૈનિકો તણાવપૂર્ણ વિસ્તારોમાં હાજર હોય છે, ત્યારે તે જ વસ્તુ થાય છે જે ૧૫ જૂને થઈ હતી. જયશંકરે કહ્યું કે આ વર્તનથી વાતચીતને જ ખાલી અસર થતી નથી પરંતુ ૩૦ વર્ષના સંબંધોને પણ ખરાબ કરે છે. જયશંકરે કહ્યું કે ભારત-ચીનના સંબંધોના મૂળમાં સરહદ પર શાંતિ અને સ્થિરતા જાળવવાની હતી, પરંતુ સરહદ પરના તણાવથી બંને દેશોના સંબંધોને અસર થશે. શુક્રવારે વિદેશ મંત્રી એ એશિયા સોસાયટીના વર્ચુઅલ પ્રોગ્રામમાં કહ્યું હતું કે, '૧૯૯૩ થી બંને દેશો વચ્ચે ઘણા કરાર થયા છે, જેણે શાંતિ અને સ્થિરતા માટે માળખું તૈયાર કર્યું છે. આ કરારોમાં સરહદ વ્યવસ્થાપનથી લઈને સૈનિકોની વર્તણૂક સુધીની બધી બાબતોને આવરી લેવામાં આવી હતી, પરંતુ આ વર્ષે જે બન્યું તેણે તમામ કરારોને ખોટા સાબિત કરી દીધા.

રાજ્યમાં ૨૪ કલાકમાં ૧૦૯૧ કેસ

૨૪ કલાકમાં ૧૨૩૩ દર્દીઓ સાજા થઈને ઘરે ગયા : અત્યાર સુધીમાં કુલ ૫૩૭૪૨૪૯ ટેસ્ટ કરવામાં આવ્યા તેમજ ૧૪૧૬૫૨ લોકો સાજા થતા ડિસ્ચાર્જ કરાયા હતા

ગાંધીનગર,તા.૧૮

રાજ્યમાં કોરોનાની સ્થિતી દિવસેને દિવસે ગંભીર થતી જાય છે. ધીરે ધીરે હવે કોરોનાનો આંકડો ૧૪૦૦ ને પાર પહોંચ્યો હતો. જો કે અચાનક નાટ્યાત્મક રીતે સરકારે ટેસ્ટમાં ઘટાડો કરતા હવે કોરોનાના કેસમાં પણ ઘટાડો નોંધાયો છે. સરકારે જાણે કોરોનાને કાબુમાં લેવાની અક્સીર દવા શોધી કાઢી છે. ટેસ્ટ ઘટાડો દર્દીઓની સંખ્યા આપોઆપ ઘટી જશે. આજે રાજ્યમાં ૧૦૯૧ નવા દર્દીઓ નોંધાયા હતા. તો બીજી તરફ રાજ્યમાં ૧૨૩૩ દર્દીઓ સાજા થઈને ઘરે પરત ફરી ચુક્યા છે. અત્યાર સુધીમાં કુલ ૧,૪૧,૬૫૨ દર્દીઓ સાજા થઈ ચુક્યા છે. રાજ્યમાં દર્દીઓના સાજા થવાનો દર ૮૮.૬૮ ટકા થઈ ચુક્યો છે. રાજ્યમાં ટેસ્ટની સંખ્યામાં પણ દિન પ્રતિદિન વધારો કરવામાં આવી રહ્યો હોવાના દાવા સરકાર કરી રહી છે. આજે રાજ્યમાં કુલ ૫૨,૧૪૧ ટેસ્ટ કરવામાં આવ્યા હતા. જે રાજ્યની વસ્તી અનુસાર પ્રતિ દિવસ ૭૦૨.૧૭ પ્રતિ મીલીયન થાય છે. રાજ્યમાં અત્યાર સુધીમાં કુલ ૫૩,૭૪,૨૪૯ ટેસ્ટ કરવામાં આવ્યા છે. રાજ્યના વિવિધ જિલ્લાઓના ૧૦૯૧ કેસ નોંધાયા છે. જ્યારે ૧૨૩૩ દર્દીઓ સાજા થઈને ઘરે પરત ફર્યા છે. અત્યાર સુધીમાં કુલ ૧,૪૧,૬૫૨ દર્દીઓ સાજા થયા છે. રાજ્યનો દર્દીઓ સાજા થવાનો દર ૮૮.૬૮% ટકા છે. રાજ્યમાં જુદા જુદા જિલ્લાઓમાં આજની તારીખે કુલ ૫,૪૮,૩૪૬ વ્યક્તિઓને ક્વોરન્ટાઈન કરવામાં આવ્યા છે. જે પૈકી ૫,૪૮,૦૫૯ વ્યક્તિઓને હોમ ક્વોરન્ટાઈન કરવામાં આવ્યા છે. જ્યારે ૨૮૮ વ્યક્તિઓને ફેસીલીટી ક્વોરન્ટાઈન રાખવામાં આવ્યા હોવાની માહિતી પ્રાપ્ત થઈ રહી છે. અત્રે ઉલ્લેખનીય છે કે, રિકવરી રેટ ૮૮.૬૮ ટકા છે જે ખુબ જ સારો હોવાનું સરકાર દ્વારા જણાવવામાં આવી રહ્યા છે. જો એક્ટિવ દર્દીઓની વાત કરીએ તો રાજ્યમાં હાલ ૧૪૪૩૬ એક્ટિવ કેસ છે. વેન્ટિલેટર પર ૭૪ છે. જ્યારે ૧૪૩૬૨ લોકો સ્ટેબલ છે. ૧,૪૧,૬૫૨ લોકોને ડિસ્ચાર્જ કરવામાં આવ્યા છે. અત્યાર સુધીમાં કુલ ૩૬૩૮ લોકોનાં મોત નિપજ્યા છે. આજે ૦૯ લોકોનાં મોત નિપજ્યાં છે. જે પૈકી અમદાવાદ કોર્પોરેશન ૪, સુરત કોર્પોરેશન ૨, અમદાવાદ ૧, ગાંધીનગર કોર્પોરેશન ૧, વડોદરા કોર્પોરેશનનાં ૧નો સમાવેશ થાય છે. આ રીતે ગુજરાતમાં કોરોનાને કારણે ૦૯ લોકોનાં મોત નિપજ્યાં છે.

અંબાજીમાં શ્રદ્ધાળુ ભાન ભુલ્યા, સોશિયલ ડિસ્ટન્સના ધજાગરા

ગુજરાતના મોટા બે મંદિરો નવરાત્રી દરમિયાન દર્શનાર્થે બંધ રખાતા યાત્રાધામ અંબાજી માં યાત્રિકોનો ભારે ઘસારો જોવા મળી રહ્યો છે આજે નવરાત્રીનો બીજો દિવસ અને રવિવાર છે જેને લઈ અંબાજી મંદિરે દર્શન કરવા જતાં શ્રદ્ધાળુઓ સોશ્યિલ ડિસ્ટન્સ મામલે ભાન ભૂલ્યા હતા ને કોરોના નો ડર જ ન હોય તે રીતે સોશ્યિલ ડિસ્ટન્સ માં ધજાગરા ઉડાવ્યા હતા. હાલ તબક્કે અંબાજી મંદિરમાં નવરાત્રી દરમિયાન કોરોનાની મહામારીના કારણે રાજ્યભરમાં ગરબા બંધ રાખવાની ફરજ પડી છે ત્યારે દર્શનાર્થીઓને પૂરતો દર્શનનો લાભ મળે તે માટે અંબાજીમાં મંદિરમાં દર્શન ખુલ્લા રાખવામાં આવ્યા છે પણ અંબાજી આવતા યાત્રિકો ને જાણે કોરોના નો સહેજ પણ ડર ન હોય તેમ મો ઉપર માસ્ક વગર અને ટોળા સ્વરૂપે મંદિરે જતા નજરે પડ્યા હતા જેમાં મહીલાઓ, નાના બાળકોને વ્રુધ્ધોની ભારે ભીડ ઉમટી પડી હતી ને યાત્રીકો જણાવી રહ્યા છે કે કોરોના છેજ નહી કોરોના કોરોના કરી છ મહીના થી હેરાન કરી રાખ્યા છે ને આતો મંદિર ખુલ્લુ છે એટલે આવ્યા છે ને જો મંદિર બંધ હોત તો કોઈ ન આવત. જોકે આ ભીડ સમાચાર મળતા મંદિરના વહીવટદાર પોતે સ્ટાફ સાથે મંદિર આગળ પહોંચી ભીડ સ્થળે પહોચ્યા હતા ભીડને કંટ્રોલ કરવાના પ્રયાસો હાથ ધર્યા હતા ને હાલ તબક્કે આ ભીડ જોતા દર્શનાર્થીઓની આજની ભીડ જોતા મંદિરના દર્શનના સમયમાં વધારો કરવા પણ વહીવટદાર એ જણાવ્યું હતું જોકે હજી વધુ ભીડ વધશે તો મંદિર બંધ પણ થઈ શકે છે તેવા સંકેતો વહીવટદાર એસ જે ચાવડાએ આપ્યા છે. નવરાત્રીમાં મા દુર્ગાના આ નવ સ્વરૂપોની થાય છે પૂજા, તમામ દેવીઓનું છે ખાસ મહત્વનવરાત્રીમાં મા દુર્ગાના આ નવ સ્વરૂપોની થાય છે પૂજા, તમામ દેવીઓનું છે ખાસ મહત્વ આગામી દુર્ગાષ્ટમીના દિવસે મોટી સંખ્યાના શ્રદ્ધાળુઓની ભીડ રહેતી હોય છે ને રાજસ્થાન તરફ થી આઠમ ના દિવસે શ્રદ્ધાળુઓ પગપાળા ચાલી અંબાજી પહોંચતા હોય છે તેવા માં કોરોનાનું સંક્રમણ વધુ ન થાય તે માટે વહીવટી તંત્ર આગોતરું આયોજન કરે તે પણ જરૂરી બન્યું છે.

કુલ ૧૮... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

પોઝીટીવ આવ્યો છે. તેમણે પણ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. સે. ૨૭ માંથી ૭૫ વર્ષીય વૃદ્ધાનો રિપોર્ટ પોઝીટીવ આવતાં તેણીનીને સારવાર માટે સિવિલમાં દાખલ કરવામાં આવેલ છે. સે. ૩ માં રહેતા અને બેલીક હોસ્પિટલ નરોડામાં ફરજો બજાવતા ૫૨ વર્ષીય કર્મયોગીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેમણે પણ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. શહેરમાં આજે નોંધાયેલા ૧૮ કેસ સાથે કોરોનાના કેસોની સંખ્યા ૧૬૫૮ પર પહોંચી છે. શહેરમાં રિકવરી રેટ સારો છે અને આજે વધુ ૨૦ દર્દીને ડિસ્ચાર્જ કરવામાં આવ્યા છે. આમ બે દિવસમાં જ ૪૫ થી વધુ દર્દીઓને ડિસ્ચાર્જ આપવામાં આવ્યુ છે. શહેરમાં ૧૪૦૫ દર્દીઓ કોરોનામુક્ત થયા છે.

દશેરાનું પર્વ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

તહેવાર મનાવાય છે. રાવણના દશ માથાનો વધ થતા દશહરા અલબત્ત દશેરાનો તહેવાર રાવણ દહન કરીને ઉજવવાની પણ પરંપરા છે. તેમણે વધુમાં જણાંવ્યુ હતુ કે આ દિવસે ક્ષત્રિયો તેમના હથિયારની પુજા કરે છે. એ રીતે જોઇએ તો દશેરાનો તહેવાર ક્ષત્રિયોનો તહેવાર છે. અસ્ત્ર શસ્ત્રની વિશેષ પુજા થાય છે. એટલુ જ નહીં પરંતુ મિસ્ત્રી સહીત કારીગરો પણ આ દિવસે પોતાના ઓજારોની પુજા કરે છે. અલબત્ત આ દિવસે અસત્ય પર સત્યનો વિજય થયો હોવાની સાથે શસ્ત્રનુ પુજન કરવાનો વિશેષ મહીમાં છે. રાવણ દહન સાથે હથિયારોની પણ પુજા થાય છે. આમ દશેરાનુ વિશેષ મહત્વ છે.